1. ભારતમાં અને ગુજરાતમાં ઈ. સ. 2011ની વસ્તીગણતરી મુજબ અનુસૂચિત જનજાતિનું પ્રમાણ જણાવો.

➢ ઈ. સ. 2011ની વસ્તી ગણતરી મુજબ ભારતમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ નીચે પ્રમાણે છે : વર્ષ : 2011 અનુસૂતિ જનજાતિઓની જનસંખ્યા : 10,42,81,034 કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિઓની વસ્તી : 8.60 ટકા ઈ. સ. 2011ની વસ્તીગણતરી મુજબ ગુજરાતમાં અનુસૂચિત જનજાતિનું પ્રમાણ નીચે પ્રમાણે છે : વર્ષ : 2011 અનુસૂચિત જનજાતિઓની જનસંખ્યા : 89, 17, 174 કુલ વસ્તીમાં અનુસૂચિત જનજાતિઓની વસ્તી : 14.75 ટકા

2. ભારતના નાગરિકોની મુખ્ય ફરજો જણાવો. (March 18)

➢ ભારતના નાગરિકોની નીચે મુજબની ફરજોમાં રાષ્ટ્રીય એકતા નિદર્શિત થાય છે : રાષ્ટ્રને સંપૂર્ણ વફાદાર રહેવું. તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનું સન્માન જાળવવું. સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન પ્રેરણા આપનાર આદર્શોને હૃદયમાંસ્થાન આપી તેને અનુસરવું. ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સંવર્ધન કરી તેમનું રક્ષણ કરવું. દેશના રક્ષણમાં યોગદાન આપવું અને રાષ્ટ્રસેવા કરવી. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક, સાંપ્રદાયિક વગેરે ભેદભાવોથી દૂર રહેવું. ભારતના તમામ નગારિકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવના વિકસાવવાના પ્રયત્નો કરવા. મહિલાઓનું ગૌરવ જળવાય તેવા વર્તનવ્યવહારો કરવા. આ નાગરિક ફરજો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

3. ભારતના નાગરિકોની કઈ ફરજોમાં રાષ્ટ્રીય એકતા નિદર્શિત થાય છે? (July 18, March 19)

➢ ભારતના નાગરિકોની નીચે મુજબની ફરજોમાં રાષ્ટ્રીય એકતા નિદર્શિત થાય છે : રાષ્ટ્રને સંપૂર્ણ વફાદાર રહેવું. તેના આદર્શો, સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનું સન્માન જાળવવું. સ્વાતંત્ર્યસંગ્રામ દરમિયાન પ્રેરણા આપનાર આદર્શોને હૃદયમાંસ્થાન આપી તેને અનુસરવું. ભારતનું સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સંવર્ધન કરી તેમનું રક્ષણ કરવું. દેશના રક્ષણમાં યોગદાન આપવું અને રાષ્ટ્રસેવા કરવી. ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક, સાંપ્રદાયિક વગેરે ભેદભાવોથી દૂર રહેવું. ભારતના તમામ નગારિકોમાં સુમેળ અને સમાન બંધુત્વની ભાવના વિકસાવવાના પ્રયત્નો કરવા. મહિલાઓનું ગૌરવ જળવાય તેવા વર્તનવ્યવહારો કરવા. આ નાગરિક ફરજો રાષ્ટ્રીય એકતા સર્જવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

4. રમતગમતની પ્રવૃત્તિઓ કેવી રીતે રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે તે સમજાવો.

- ભારત કે ભારતની બહાર ખેલાડી ક્રિકેટ, હોંક, વોલીબોલ,બાસ્કેટ બોલ, બેડમિન્ટન, કબરી, કુસ્તી વગેરે જેવી વિવિધ રમતોમાં જ્યારે પ્રતિનિધિત્વ કરે છે ત્યારે ભાષા, પ્રદેશ, ધર્મ, જાતિ, જ્ઞાતિ વગેરેથી દૂર રહીને એક ભારતીય તરીકે પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રીય ખેલ મહોત્સવ, આંતરરાજ્ય ખેલસ્પર્ધા, આંતર યુનિવર્સિટી ખેલ કૂદ, વિવિધ ટીમ રમતો, ખેલમહાકુંભ વગેરે રમતોના વિવિધ આયોજનોમાં ખેલાડી એક ભારતીય તરીકે ખેલદિલીની ભાવનાથી રમે છે. ભારતમાં ક્રિકેટની રમત સૌથી વધુ લોકપ્રિય છે. ભારતીય ક્રિકેટ ટીમનો આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિજય થાય ત્યારે સમગ્ર ભારતમાં વિજયની ખુશાલી મનાવવામાં આવે છે. આમ, રમતગમતની વિવિધ પ્રવૃત્તિઓ રાષ્ટ્રીય એકતા સર્જવામાં મદદ કરે છે.